## કસુંબીનો રંગ

જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં
પીધો કસુંબીનો રંગ
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ
પીધો કસુંબીનો રંગ
બહેનીના કંઠે નિતરતાં હાલરડાંમાં
ઘોળ્યો કસુંબીનો રંગ
ભીષણ રાત્રી કેરા પહાડોની ત્રાડોએ
ચોળ્યો કસુંબીનો રંગ
દુનિયાના વીરોનાં લીલા બલિદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો કસુંબીનો રંગ
ભક્તના તંબૂરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ
વહાલી દિલદારાના પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ
ગાયો કસુંબીનો રંગ
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણ હારે
પાયો કસુંબીનો રંગ
પીડિતની આંસુડા ધારે હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે
સળગ્યો કસુંબીનો રંગ
ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે
છલક્યો કસુંબીનો રંગ
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે
મલક્યો કસુંબીનો રંગ
ઘોળી ઘોળી પ્યાલા ભરિયા રંગીલા
હો પીજો કસુંબીનો રંગ
દોરંગા દેખીને ડરિયાં ટેકીલાં
હો લે જો કસુંબીનો રંગ

- ઝવેરચંદ મેઘાણી

# રાષ્ટ્રીય શાયર
# ઝવેરચંદ મેઘાણી



જન્મ : ૨૮ મી ઑગસ્ટ, ૧૮૯૬, ચોટીલા
મૃત્યુ : ૯મી માર્ચ, ૧૯૪૭, બોટાદ

*કદી સ્વાધીનતા આવે, વિનંતી, ભાઈ છાની !*
*અમોનેય સ્મરી લેજો, જરી, પળ એક નાની !*

# રાષ્ટ્રીય શાયર
# ઝવેરચંદ મેઘાણી

**પ્રકાશક :**
સંસ્થા માહિતી વિભાગ
વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

**ઉપક્રમ:**
ગાંધીબુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર આયોજિત
'ઝવેરચંદ મેઘાણી' પ્રકલ્પ વર્ષ 2012-13

**સંપાદક અને સંકલક :**
શ્રી ભાનુપ્રસાદ રાવલ
સંયોજક, ગાંધીબુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર

**સંદર્ભ સૂચિ :**
રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી

| | | |
|---|---|---|
| 2001-02 | : | મહાત્મા ગાંધીજી |
| 2002-03 | : | સરદાર વલ્લભભાઈ પટેલ |
| 2003-04 | : | મહાવીર સ્વામી |
| 2004-05 | : | ભગવાન બુદ્ધ |
| 2005-06 | : | સ્વામી વિવેકાનંદ |
| 2006-07 | : | રવીન્દ્રનાથ ટાગોર |
| 2007-08 | : | મીરા |
| 2008-09 | : | સંત કબીર |
| 2009-10 | : | ડૉ. વિક્રમ સારાભાઈ |
| 2010-11 | : | અબ્રાહમ લિંકન |
| 2011-12 | : | વિઝન ગ્રીન -2011-12 |
| 2012-13 | : | ઝવેરચંદ મેઘાણી |
| 2013-14 | : | ટ્રાયબલ આર્ટ |

**Vidyamandir Trust, Palanpur**
Taleybaug, Palanpur-385 001
Dist. Banaskantha (N Gujarat)
Tel: (02742) 250215
Fax: (02742) 265139
Email: centraloffice@vidyamandir.org
Web:www.vidyamandir.org

## પ્રાક્કથન

**હસમુખ મોદી**
કાર્યકારી નિયામક, વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર.

વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત ગાંધીબુદ્ધ સ્વાધ્યાય કેન્દ્ર પ્રતિવર્ષ કોઈ એક મહાનુભાવના જીવનચરિત્રને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ યોજે છે. માનવજીવનના પથદર્શક આ મહાનુભાવોનો જીવન સંદેશ આપણા પ્રત્યેક વિદ્યાર્થી-અભિભાવક સુધી પહોંચે તેમજ આપણા સૌનું જીવન ઉન્નત બને એવા શુભ આશય સાથે આ કેન્દ્ર કાર્યરત છે.

ટ્રસ્ટ સંચાલિત તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓ આ કેન્દ્ર આયોજિત વિવિધ સ્પર્ધાઓ, પ્રવચનો, વાર્તાલાપો વગેરેમાં જોડાય છે. શાળાસ્તરે વિવિધ પ્રવૃત્તિઓ યોજીને તેમજ સંસ્થા મુખપત્ર 'નિષ્ઠા'ના માધ્યમથી આ મહાનુભાવોનાં જીવનકાર્યોની સુવાસ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે. શાળાની પ્રાર્થના સભાઓમાં નિયમિત આ મહાનુભાવોના જીવનચરિત્ર પર આધારિત ફિલ્મ, નૃત્યનાટિકા વગેરેનું દર્શન વિદ્યાર્થી માટે રોચક અને પ્રેરણાદાયી બની રહે છે.

શાળામાં પ્રતિવર્ષ યોજાતા રંગોત્સવમાં પણ આ મહાનુભાવોને કેન્દ્રમાં રાખી વિશિષ્ટ કૃતિઓની રજૂઆત કરવામાં આવે છે. મહાનુભાવોના જીવનચરિત્ર પર આધારિત ક્વિઝ, લેખિત પરીક્ષાનું આયોજન પણ કરવામાં આવે છે.

આ સંસ્થાના ઉપક્રમે વર્ષ 2012-13માં ઝવેરચંદ મેઘાણીનો જીવન સંદેશ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ.

ઝવેરચંદ મેઘાણીના જીવન સંદેશને નાની પુસ્તિકારૂપે આપ સૌના સુધી પહોંચાડવાનો અમારો નમ્ર પ્રયાસ છે. આશા છે કે કેન્દ્રનો આ પ્રયાસ આપ સૌને ગમશે.

વર્ષ 2013-14 માં ટ્રાયબલ આર્ટ વિશે પ્રવૃત્તિઓ યોજીશું.

આ પુસ્તિકામાં પ્રદર્શિત ચિત્રો વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓએ સ્વયં દોરેલાં છે. કાવ્યો - પંક્તિઓનું સર્જન તથા સંકલન પણ વિદ્યાર્થીઓ દ્વારા થયું છે. વિવિધ સંસ્થાઓમાં વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમોના ફોટોગ્રાફસ પ્રદર્શિત છે.

## વર્ષ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ કેમેરાની નજરે



ઝવેરચંદ મેઘાણી જીવન પ્રકલ્પ વર્ષ નિમિત્તે પ્રદર્શન ખૂલ્લું મૂકતા માન. કાર્યકારી નિયામક શ્રી હસમુખ મોદી



ઝવેરચંદ મેઘાણી જીવન પ્રકલ્પ વર્ષ નિમિત્તે પ્રદર્શન નિહાળતા શ્રીમતી રીટાબેન ચૌધરી (ADEI), પાલનપુર



પ્રદર્શન નિહાળતા સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ



ટ્રસ્ટ સંચાલિત તમામ સંસ્થાઓની પ્રાર્થનાસભામાં ડાયરો રજૂ કરતી - શ્રી સી.કે. મહેતા પીટીસી કોલેજ



ડાયરો- *'રંગ કસુંબલ મેઘાણી'*





ધો.૩,૪,૫ ચિત્ર સ્પર્ધા
Smt. M. M. Mehta Eng. Medium School




ચિત્રાંકન :
Khush Fulani, Std.2,
Smt. M. M. Mehta English Medium School

ગાંધી બુદ્ધ સ્વાધ્યાય કેન્દ્રના ઉપક્રમે ઝવેરચંદ મેઘાણી જીવન પ્રકલ્પ વર્ષ
ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓના પુરસ્કૃત વિદ્યાર્થીઓ

| Sr. | Institution | First prize | Second prize | Third prize |
|---|---|---|---|---|
| 1 | Shri Jain Balmandir | 2 | 2 | 6 |
| 2 | Smt. K. R. Parikh Balmandir | 2 | 2 | 6 |
| 3 | Shri C. R. Mehta Balmandir | 2 | 2 | 2 |
| 4 | Smt. I.R.Mehta 'Anand Niketan' | 1 | 1 | 3 |
| 5 | Smt. M. M. Mehta English Medium Balmandir<br>Matushri M. R. Mehta English Medium Balmandir | 2 | 2 | 6 |
| 6 | Smt. M. M. Mehta Eng. Med. (Early Childhood) Std. 1 & 2 | 5 | 5 | 15 |
| 7 | Shri Jain Shishushala (Early Childhood) Std. 1 & 2 | 16 | 11 | 33 |
| 8 | Smt. M. M. Mehta Eng. Med. (Elementary) Std. 3 to 5 | 26 | 26 | 57 |
| 9 | Shri Rajmani Primary School (Elementary) Std. 3 to 5 | 31 | 27 | 79 |
| 10 | Shri M.K.Mehta School for the Visually Impaired | 9 | 9 | 9 |
| 11 | Maa Shravanvani  Mukbadhir Vidyalaya | 12 | 12 | 36 |
| 12 | Smt. M. M. Mehta Eng. Med. School (Primary) | 9 | 4 | 10 |
| 13 | Vinaymandir | 12 | 9 | 25 |
| 14 | Smt. M. M. Mehta Eng. Med. School (Seco./Higher Seco.) | 9 | 4 | 12 |
| 15 | Shri Vividhlakshi Vidyamandir | 8 | 8 | 15 |
| 16 | Shri K.M.Chokshi High.Sec.School | 5 | 6 | 11 |
| 17 | Shri K.J.Mehta College of Pre-Primary Education | 4 | 4 | 12 |
| 18. | Shri C.K.Mehta College of Primary Education | 4 | 6 | 17 |
| 19. | Shri D.D.Choksi College of Secondary Education | 5 | 5 | 15 |
| | Total : - | 164 | 145 | 369 |



## જીવનસંગ્રામનો વિજેતા વીર



રંગપૂરણી : સોલંકી દ્વિજ, શ્રી સી.આર.મહેતા બાલમંદિર

જેનો જોટો ગુજરાતમાં તો શું સારાયે ભારતમાં મળવો મુશ્કેલ છે; એવા એક નિષ્ઠાથી લોકમાનસ, લોકજીવન અને લોહસાહિત્યની અનન્ય સેવાભક્તિ કરનાર અને 'પહાડના બાળક' તરીકે કંકુવરણી પાંચાલ(ઝાલાવાડ) ભોમ, ચોટીલાના પોલીસ થાણામાં તા.૨૮મી ઑગસ્ટ, ૧૮૯૬ના રોજ એટલે કે સં.૧૯૫૩ના શ્રાવણ વદ પાંચમના માતા ધોળીબાઈની કૂખે પુરુષ રૂપે અવતાર લેનાર સરસ્વતી એટલે ઝવેરચંદ મેઘાણી.

સૌરાષ્ટ્રની મધ્યકાલીન સંસ્કૃતિનો અસ્ત થઈ રહ્યો હતો ત્યારે મધ્યયુગી સંસ્કૃતિનું યુગસત્ત્વ સાચવી લેવા માટે ઈશ્વરે કોઈને મોકલ્યા હોય તો એ મેઘાણી હતા; એમ કહીએ તો કશું ખોટું નથી.

પિતા કાળીદાસના છ સંતાનમાં ઝવેરચંદ ચોથા હતા. એટલે મોટા ભાઈઓ  ચોટીલાના ડુંગર ફરતા એમને ફેરવતા હતા. પણ આ ધરતીનું ધાવણ પીવાનું ઝવેરચંદના ભાગ્યમાં માત્ર સવા મહિનો લખાયું હતું. કારણ કે તેમના પિતાની તેટલા સમયમાં બીજે બદલી થઈ ગઈ.

પિતા હતા જમાદાર કાળીદાસ. એ મૂળ ગીર કાંઠાના ગામ બગસરા- ભાયાણીના હતા. પિતા દશા શ્રીમાળી જૈન વણિક, પણ ભારે ખડતલ અને સાહસિક હતા. એમને અધિકારીની ખુશામત કરતા કદી આવડી ન હતી તેથી તેમને ચોક, દાઠા, ચમારડી અને લાખાપાદર જેવા ભેંકાર થાણાની નોકરી મળતી હતી.

આ મેઘાણીએ પ્રાથમિક શાળાનું ભણતર થોડો થોડો સમય દાઠા, પાળિયાદ અને બગસરામાં લીધું હતું, પણ ખાસ કરીને રાજકોટની  સદર તાલુકા શાળામાં પૂરું કર્યું હતું. એમણે અંગ્રેજી બીજું ધોરણ વઢવાણ કૅમ્પમાં કર્યું હતું, પણ બાકીનું હાઈસ્કૂલનું શિક્ષણ અમરેલીમાં પૂરું કર્યું હતું.

લાંબી રજા પડે એટલે ગાય વાછરુંને ખેંચે તેમ લાખાપાદર મેઘાણીને ખેંચતું  હતું.(અમરેલી જિલ્લાના ચલાલાથી ૧૦ કિ.મી. દૂર) ત્યાંના આકારનો ચાંદો, કેરડાનાં ફૂલ, અને ચણીબોર વગેરે તેમને લલચાવ્યા કરતાં હતાં.

બચપણથી જ ઝવેરચંદને ગળાની હલક અને મીઠાશ મળેલાં હતાં, એટલે શાળાની પ્રાર્થના તો મેઘાણી પાસે જ ગવડાવવામાં આવતી હતી. જૈન પાઠશાળામાં સ્તવનો પણ એમને જ ગાવાં પડતાં હતાં. માણેકચંદ સ્વામીના વિહાર વખતે મારવાડી શેઠ ચીમનાજીના માનમાં બાર વરસના મેઘાણીએ સ્વરચિત કાવ્ય સંભળાવ્યું હતું. આ એમનું પહેલું કાવ્યઅંકુર હતું.એ વખતે કલાપી લોકપ્રિય કવિ હતા.તેમનાં કાવ્યો મેઘાણી પોતાની દર્દીલી જબાનમાં ગાતા હતા, તેથી તેમને સ્વજનો તરફથી 'વિલાપી'નું ઉપનામ મળી ગયું હતું. વળી મેઘાણી કવિ ન્હાનાલાલના સાહિત્ય-રસિયા હતા.

ગુજરાત હાઈકોર્ટના પ્રખર ધારાશાસ્ત્રીશ્રી કૃષ્ણકાંતભાઈ વખારિયાના પિતાશ્રી ગુલાબચંદભાઈ મેઘાણીના પરમમિત્ર હતા.તેમણે અમરેલીમાં 'બાલમિત્રમંડળ' અને 'બગસરા લૉજ' નામે સંસ્થા ઊભી કરી હતી, તેના ઉપક્રમે હેમલેટ, રાણા પ્રતાપ અને સિકંદર જેવાં નાટકો ભજવતા હતા. તેમાં મેઘાણી કંઠ પૂરો પાડતા હતા.

એમના બીજા મિત્ર બગસરાના શ્રી ગિરધરભાઈ દેસાઈ (વીરબાલ) પણ પુસ્તકના ભારે શોખીન હતા. તેથી મેઘાણી એમના ઘરે વાચનમાં ગળાડૂબ રહેતા હતા. અમરેલીમાં ઝવેરચંદ માસિક માત્ર છ રૂપિયા ખર્ચ કરીને મેટ્રિક થયા અને પછી ભાવનગરની શામળદાસ કૉલેજમાં દાખલ થયા, પણ ભારે શરમાળ અને ઓછા બોલા હોવાથી 'જનક રાજા' તરીકે પંકાયા.

એ વખતમાં છૂટી પાટલીની ધોતી, લાંબી ચાળનું ખમીસ, તેના પર લાંબો સફેદ કોટ, બગસરાનો ચોકડીવાળો સાફો અને ક્યારેક બેંગ્લોરી ટોપી, નીચી કાયા, ભીનો વાન, લીંબુની ફાડ જેવી સંસારના રહસ્યોને તાગવા મથતી મોટી અને પારેવાના જેવી લાલ આંખ, વાંકડિયા ઝુલ્ફા અને મરદની ચાલવાળો આદમી મેઘાણી, ભાવનગરના જશોનાથ મહાદેવના મંદિરના પ્રાંગણમાં મીઠપના મોદમાં ઝબોળીને સૂર વહાવે ત્યારે ડાયરો હેલે ચડતો હતો અને આકાશમાં મોરલાઓ ગહેકતા હતા.

ભાવેણાના રાજવી ભાવસિંહની હાજરીમાં ૧૯૧૪માં કૉલેજના વાર્ષિકોત્સવમાં 'ગુણવંતી ગુજરાત' નું ગીત ગાઈને ભાવનગરને ઘેલું કરનાર આ મેઘાણી, જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજના પ્રોફેસર મલ્હાર જોશીથી આકર્ષાઈને એકાદ સત્ર જૂનાગઢ ફરી આવ્યા હતા.બાકીનો સમય તો ભાવનગરની કૉલેજમાં ભણી ૧૯૧૬માં અંગ્રેજી-સંસ્કૃત વિષય સાથે બી.એ. થયા હતા એ વખતે અંગ્રેજી સાહિત્યમાં કવિ બાયરન એમને પ્રિય હતા. શામળદાસ કૉલેજના સામયિકમાં એમણે બે લેખો લખી આપ્યા હતા, જે એમનું પહેલું પ્રકાશન બન્યું એમ કહી શકાય.

બી.એ. થયા પછી એમને એમ.એ. કરવું હતું એથી ભાવનગરની સનાતન હાઈસ્કૂલમાં એમણે ઓછા પગારથી પાર્ટટાઈમ ટીચર તરીકે નોકરી શોધી લીધી અને વિના વેતને ઔદિચ્ય વિદ્યાર્થીભવનના ગૃહપતિ તરીકે સેવા આપી હતી અને નિવૃત્ત પિતા અને મા-બહેનને ભાવનગર તેડાવી લીધા હતા.

આ વખતે એની બેસંટ અને ગાંધીજીની પ્રવૃત્તિએ મેઘાણીને આકર્ષ્યા હતા એથી એ સ્વદેશી સાબુ અને શાહીની ટીકડી વેચવા લાગ્યા હતા અને ઈન્ફ્લ્યુએન્ઝાના દર્દીની સારવારમાં લાગી ગયા હતા. પણ જ્યારે કપિલભાઈ ઠક્કરે કંઈક લખવા કહ્યું ત્યારે, 'હું શું લખું? કૈં સૂઝતું મને નથી' એવો ગઝલ ઢાળમાં જવાબ આપ્યો હતો. પણ એમણે પોતાની વીસમી જન્મજયંતી પ્રસંગે એક કૃતિ રચી હતી. એ પછી ૧૯૧૮માં 'દીવડો ઝાંખો બળે' નામનું પહેલું સુંદર કાવ્યસર્જન કરી, સાહિત્ય દીપકે રોશની પાથરવી શરૂ કરી દીધી.

અહીં કલકત્તામાં નિત્યક્રમમાં પાંચ વાગે ઊઠીને, સાયકલ પર સવાર થઈને નદીકિનારે જવાનું અને ત્યાંથી હોડીમાં કારખાને જવાનું હતું.કલકત્તાના રસ્તે આવતાં-જતાં બંગાળીમાં લખેલાં પાટિયાં વાંચવાનું, રવિવારે બ્રહ્મસમાજના પ્રવચનો સાંભળવાનું, બંગાળી નાટકો જોવાના અને જમીને આરામના અર્ધા કલાકમાં ટાગોરની વાર્તાઓ અને બંકિમચંદ્રની નવલકથાઓ વાંચવાનું અને પછી મજૂરની માફક કામે ચઢી જવાનું હતું.

પછી વ્યવસાયના અનુસંધાનમાં જીવણલાલ શેઠ સાથે મેઘાણીને ૧૯૧૯માં ઈંગ્લૅન્ડ જવાનું હતું ત્યારે શેઠને વળાવવા આવનાર કરતાં મેઘાણીને વળાવવા આવનાર વિશેષ હતા. વિલાયતનો ત્રણ માસનો પ્રવાસ કરી, તેઓ સ્વદેશ પાછા ફર્યા ને બે વર્ષ બીજી નોકરી કરી, પણ વગડામાંથી પશુઓ પાછા ફરતાં હોય તેની ટોકરીનો અને મંદિરની ઝાલરનો અવાજ તેમને સંભળાવા લાગ્યો. જાણે ગોધૂલી સમયે ગોવાળરૂપી વતનનો નિગૂઢ સાદ સંભળાતો હોય તેમ! એટલે તેમનાથી ત્યાં વધુ વખત રહેવાયું નહિ ને તા. ૧૮-૯-૧૯૨૧ના લખી નાખ્યું કે, 'હું આવું છું.'



ચિત્રાંકન : આવા દેવલ શાહ, જૈન બાલમંદિર



## ખુમારીનું ખમીર અને માણસાઈની મુલાયમતા

સામાન્ય રીતે લખનાર પોતાના લખાણ કરતા મોટો હોતો નથી પણ મેઘાણી એમાં અપવાદરૂપ હતા. એટલે અફસોસ કરતાં એક લોકકવિએ ગાયું છે કે, 'સોરઠની આ મોંઘામૂલી, ખાસી મિલકત ખોવાણી'

ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણની વાત વહેતી કરી હતી એ પહેલાં એમણે હરિજનના હાથે વહેંચાયેલા પાનના બીડાં ચાવ્યા હતા અને સામાજિક બહિષ્કાર વેઠ્યો હતો.

એક અકિંચન (ગરીબ) સગાંએ મેઘાણીને જમવા નોતર્યા હતા. સગાં લાપસીમાં ઘી પીરસવા જતા હતા પણ મેઘાણીએ આડો હાથ ધરી કહ્યું કે, 'ડૉક્ટરે મને ઘી ખાવાની ના પાડી છે.' ડૉક્ટરે મેઘાણીને ના પાડી ન હતી પણ પોતાના માટે લાપસીનું ઘી પેલા બિચારાના માટે મહિનાનું આંધણ બને તેમ હતું તેથી ના પાડી હતી.

બેઠી દડીના, ચપોચપ સુરવાળ અને ઢીંચણ સુધીનું પહેરણ પહેરેલા, કાળી બંડીધારી, ઓખિયા પર સફેદ સાફો લગાવેલા અને હાથમાં ઝોળી (થેલી) હલાવતાં મેઘાણી રાણપુર- બોટાદ, બોટાદ- રાણપુર અપડાઉન કરતા. એકવાર ટ્રેઈન આવી ગઈ પણ મેઘાણી આવ્યા નહિ પણ ટ્રેઈન મેઘાણી આવ્યા પછી જ ઉપડી કારણ કે ટ્રેઈન વહેલી હતી, મેઘાણી સમયસર હતા!

આવા મેઘાણી બધા લોકોમાં માયા જગાડી શકે એમાં નવાઈ નથી. દુનિયા કોઈને પૈસા આપે છે, કોઈને માન આપે છે પણ પ્રેમતો કોઈકને જ આપે છે. આવો જનતાનો નાયક અને ગાયક, સૌનો લાડકવાયો અને પ્રેમપાત્ર મેઘાણી ખરે જ સૌરાષ્ટ્રની ધરતીનું ધાવણ, સોનું, ઝવેરાત અને આભૂષણ હતા, છે અને રહેશે.



ચિત્રાંકન :
શ્રી રામચંદ્રભાઈ ચૌહાણ, ચિત્ર શિક્ષક, મમતામંદિર



ચિત્રાંકન :
સિન્ધી મુશ્તાક ધો.૧૦, મા શ્રવણવાણી મૂકબધિર વિદ્યાલય

## વિનમ્ર વ્યક્તિત્વ



ક્વિઝ : શ્રી રાજમણિ પ્રા.શાળા (વિજેતા ગ્રૂપ)

બગસરાના દેવચંદ અંદરજી મેઘાણીના દીકરા કાળીદાસ અને ધારીના વીરજી રૂપાણીની પુત્રી ધોળીબાઈના સંતાન ઝવેરચંદ મેઘાણી પાસેથી પરાધીન રાષ્ટ્રના ક્ષુધાર્તને વાચા મળી હતી, ગુજરાતી નવવધૂને મહાલવાની ધરા મળી હતી.

બચપણમાં મિત્રો જેને છોકરી કહી ખીજવતા હતા તે મેઘાણી સ્ત્રીમાં તો સહેલાઈથી ભળી શકતા હતા અને આજીવન કાઠિયાવાડી પહેરવેશ પહેરેલ, આ મીઠા માનવીને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો, મહિડા પારિતોષિક મળ્યું, ‘છેલ્લો કટોરો’ ગાંધીજીને ગમ્યું અને તેણે રાષ્ટ્રીય શાયરનું બિરુદ મળ્યું.


કાઠિયાવાડી લોકસાહિત્યને સંજીવની મળી હતી, દેશભક્તિને ઉછાળનારી કમાનો મળી હતી. તેણે કાઠીયાવાડના ખૂણેખાંચરે વેરવિખેર પડેલી કવિતાને જીવંતરૂપે જનતા સમક્ષ રજૂ કરી હતી અને પૂરી પા સદી થાક ખાધા વિના લખલખ કર્યું હતું તેથી તેનું કાર્ય ઈંગ્લૅંડના ટોમસ હાર્ડી સાથે સરખાવી શકાય એવું બન્યું હતું.

એમના વાગ્વૈભવે હજારો હ્દયને ડોલાવ્યા છે, હજારો હ્દયને પ્રેર્યા છે. એમને લોકપ્રિયતા વરી છે એટલી બીજા કોઈ કવિ કે લેખકને વરી ન હતી. છતાં માન મદિરાનો કેફ એમને કદી ચઢ્યો ન હતો. ‘કલમ-કિતાબ’નું શસ્ત્ર એમના હાથમાં હોવા છતાં અને વણિકપુત્ર હોવા છતાં એમણે કદી વણિકવૃત્તિ દાખવી ન હતી કે કમાઈ લેવાની વાત કરી ન હતી.

વિરલ સહાનુભૂતિના કારણે બધા સાથે હળીમળીને રહેવાની એમને ટેવ હતી. પણ પોતાનું મહત્ત્વ વધારે સ્થપાઈ ન જાય માટે એ હંમેશાં સાવચેત રહેતા હતા. ‘ફૂલછાબ’ના એક અંકમાં એ સાપ્તાહિકના વખાણ કરતું છપાયેલું લખાણ એમના ધ્યાનમાં આવ્યું ત્યારે તેમણે આખો ફરમો રદ કરાવ્યો હતો! ૧૯૪૬માં ૫૦ વરસ પૂરા થતાં એમની સુવર્ણ મહોત્સવ ઉજવવાની વાત નીકળી ત્યારે એમણે સાફ ના પાડી દીધી હતી’ બિલકુલ ઘમંડ વિનાનો સાહિત્યકાર ગુજરાતે પહેલ વહેલા જોયો હોય તો મેઘાણી હતા. મેઘાણીએ ઘણું બધું લખ્યું હોવા છતાં એને એની સર્જકતા વિશે ભ્રમ ન હતો. એ કહેતા હતા કે ‘હું ક્યાં મોટો બ.ક.ઠા. છું?’



ચિત્રાંકન : હર્ષ શુક્લ, ધો.૮,વિનયમંદિર



Drawing : Shruti Parimal
Std.5th Smt. M.M.Mehta Eng. Med. School



અમૃતલાલ શેઠે ૧૯૨૨માં ‘સૌરાષ્ટ્ર’ નામે સાપ્તાહિક શરૂ કર્યું હતું. મેઘાણીએ તેમને ‘ચોરાનો પોકાર’ નામે લેખ મોકલ્યો અને શેઠે તે વાંચ્યો તો જીવતા-જાગતા માનવીને પેઠે ચોરો પોકાર પાડતો હોય તેમ સંભળાયો.



ચિત્રાંકન :
નમન પુરોહિત, શ્રીમતી કે. આર. પરીખ બાલમંદિર

એથી અમૃતલાલ શેઠે મેઘાણીને તેડાવી લીધા અને માસિક ૭૫ રૂા.ના પગારથી રાખી લીધા- (ઈ.સ.૧૯૨૨) અને મેઘાણીની ‘મોતીની ઢગલીઓ’, ‘અમર રસની પ્યાલી’ અને ‘ચોરાનો પોકાર’ વગેરે લેખો લખાયા અને સૌરાષ્ટ્રમાં છપાવા લાગ્યા, તેથી મેઘાણીમાં આત્મવિશ્વાસ વધતો ચાલ્યો.

‘સૌરાષ્ટ્ર’માં જોડાયા પછી કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પ્રસાદીરૂપી ‘કુરબાનીની કથાઓ’ મેઘાણીએ બગસરામાં લખી રાખી હતી તે પ્રકાશિત થઈ.(૧૯૨૨) પછી ‘ડોશીમાની વાતો’ અને વાજસુરવાળાએ કહેલી અને મેઘાણીએ કાગળમાં નવા સ્વરૂપે તૈયાર કરેલી લોકવાર્તાઓ છાપવા માંડી એટલે ચારણો અને વાર્તાકારો મેઘાણીને શોધતા રાણપુર આવવા લાગ્યા.

૧૯૭૧માં ડૉ.એની બેસંટ કૉંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા અને મેઘાણી થિયોસૉફીકલ સોસાયટી સાથે સંકળાયા હતા. તેથી તેમણે ૧૯૧૮માં ડૉ.એની બેસંટનું સંક્ષિપ્ત જીવનચરિત્ર લખી રાખેલું હતું. ત્યારબાદ જ કલકત્તા નોકરી અર્થે ગયા હતા.એની બેસંટના જીવન જેવી જ ‘સૌરાષ્ટ્ર’માં જોડાયા પછી મિસર-કોરિયા, આયર્લૅન્ડ અને હંગેરીના ક્રાંતિકારીની ગાથા આલેખી હતી.

જેલમાં ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધીએ અંગ્રેજી રીડરમાં આવતું Somebody’s Darling કાવ્ય એમને વાંચવા આપ્યું તો મેઘાણીએ એના અનુસર્જનરૂપ ‘કોઈનો લાડકવાયો’ નામની કૃતિ રચી કાઢી!

મેઘાણીએ ‘,સૌરાષ્ટ્ર’ના ભેટ પુસ્તક રૂપે ૧૯૨૩માં સૌરાષ્ટ્રની રસધારનો પહેલો ભાગ આપ્યો, ત્યારબાદ નવ વર્ષના ગાળામાં રસધારના પાંચ ભાગ, સોરઠી બહારવટિયાના ત્રણ ભાગ અને ‘સોરઠી ગીતકથા’નો એક ભાગ આપી, સૌરાષ્ટ્રના રસકસનો સૌને પરિચય કરાવી દીધો.

૧૯૪૫માં ‘ફૂલછાબ’માંથી નિવૃત્ત થઈ તેમણે રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યોનું રૂપાંતરિત સ્વરૂપ ‘રવીન્દ્ર વીણા’ (૧૯૪૪) સાહિત્યજગતના ચરણે ધર્યું હતું. આ અનુવાદમાં તેમણે ટાગોરનું ઉચ્ચ કવિત્વ જાળવી રાખ્યું છે.

રવિશંકર મહારાજની અનુભવ કથાને આલેખતું ‘માણસાઈના દીવા’ (૧૯૪૫)નામક લોકપ્રિય પુસ્તક આપ્યું હતું. તેને ૧૯૪૬માં મહિડા પારિતોષિક મળ્યું હતું અને એજ વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદે, સાહિત્ય વિભાગના મેઘાણીને પ્રમુખ બનાવીને એમનું બહુમાન કર્યું હતું. વળી આટલી મોટી સંખ્યામાં એમણે જે કંઈ સર્જન કર્યું છે તે બધું જ રસાત્મક અને કલાત્મક છે, એ મેઘાણીની વિશેષતા છે.

‘પરકમ્મા’ અને ‘છેલ્લું પ્રયાણ’માં આત્મકથાના અંશો છે તો ૩૮ વ્યક્તિને લખાયેલા, ૧૭૬ પત્રોનો સંગ્રહ ‘લિ. સ્નેહાધીન- ઝવેરચંદ મેઘાણી’ પણ ચિરંજીવી બની રહેશે કારણ કે તેમાં મેઘાણીની નિર્વ્યાજ, નિખાલસ લાગણી ભરી છે. આવા ઉષ્માસભર મેઘાણીએ ‘વિદાય’ કાવ્યમાં ઈચ્છા પ્રદર્શિત કરી છે કે-

**કદી સ્વાધીનતા આવે, વિનંતી ભાઈ છાની !**
**અમોનેય સ્મરી લેજો, જરી, પળ નાની !**

એ રીતે એક નાની પળ મેઘાણીને સ્મરી લઈએ તો પણ એમણે આપણા જીવનમાં અને સાહિત્યમાં જે અમૂલ્ય પ્રદાન કર્યું અને કસુંબીનો રંગ રેલાવ્યો છે એનું સાટું આપણે વાળી દીધું છે, એમ માની એનો હંસલો રાજી થાશે.

મેઘાણીની કવિતામાં માત્ર તત્કાલિન તત્ત્વ જ હોત તો એનો મહિમા ગાંધીયુગ સાથે જ આથમી ગયો હોત પણ મેઘાણીની કવિતામાં વિપુલતા, વૈવિધ્ય અને ભાવસભરતા છે; તેથી તે ટકે છે અને લોકકંઠે વસી છે.

વેણીનાં ફૂલ (૧૯૨૮), કિલ્લોલ (૧૯૩૦), યુગવંદના (૧૯૩૩), એક તારો (૧૯૪૦), બાપુના પારણાં (૧૯૪૩) નામક પાંચેય પુસ્તકમાં કવિચિત્તનાં વિવિધ પાસાં વ્યક્ત થાય છે.

એમના કુલ છ કાવ્યસંગ્રહમાં ૨૭૦ જેટલાં કાવ્યો મળી રહે છે. વીર અને કરુણ રસને બહેલાવવામાં મેઘાણીની સારી ફાવટ છે. એમનો કાવ્યસંગ્રહ યુગવંદના તો યુગવેદનાથી જ ભરેલો છે. વીરરસના આલેખનમાં કવિ ન્હાનાલાલને બાદ કરતાં કોઈ એની તોલે આવે એમ નથી.

મેઘાણીએ પીડિત શ્રમજીવી વર્ગના કાવ્યમાં હાલરડું, બીડીઓ વાળનારનું ગીત,દૂધવાળો આવે જેવી કૃતિમાં કરુણને ઘેરો બનાવ્યો છે. કવિને દીન-હીનજનો પ્રત્યે એટલી દિલસોઝી છે કે, કવિને પણ ઝપટમાં લેવાનું ભૂલતા નથી.

'કોઈનો લાડકવાયો' પરદેશી કાવ્યનું રૂપાંતર હોવા છતાં મેઘાણીએ એના કરુણભાવ સાથે વીરભાવને વણીને મૂળ કાવ્યને ખૂબ ખૂબ વધાવી લીધું છે.

મેઘાણીને રાષ્ટ્રીય શાયરનું બિરુદ ભલે ગાંધીજીએ 'છેલ્લો કટોરો ' વાંચીને આપ્યું હોય પણ મેઘાણીને લોકહૃદયમાં સ્થાન મળ્યું છે, એમના 'કોઈનો લાડકવાયો' અને 'સૂના સમદરની પાળે'ના શૌર્ય અંકિત કાવ્યથી.



રંગપૂરણી : Maitali Maheswari, U.K.G., Smt.M. M. Mehta English Medium Balmandir




શ્રી રાજમણિ પ્રા.શાળાના રંગોત્સવમાં રજૂ થતું મેઘાણી રચિત શિવાજીનું હાલરડું



## રસજ્ઞ વિવેચક



ક્વિઝ- શ્રી જૈન શિશુશાળા

મેઘાણી વિવેચક-આલોચક પણ હતા- એથી મેઘાણીએ સામાન્ય સમાજના રસિક વાચક તરીકે આલોચનાત્મક લેખનનો આરંભ ૧૯૨૫થી કર્યો હતો. વિજયરાજ વૈદ્યના પ્રોત્સાહનથી લખાયેલા 'ત્રણ બંગાળી શાયરો' નામના લેખો તેમના વિવેચનાત્મક લેખોમાં પહેલા ગણી શકાય.

૧૯૩૬ પછી 'ફૂલછાબ'માં વિવેચનાત્મક લખાણો લખતા હતા તે પરથી 'પરિભ્રમણ'ના ત્રણ ભાગો પ્રગટ થયા હતા, તેમાં તેમનું વિવેચનાત્મક સાહિત્ય સંઘરાયેલું પડ્યું છે.

સાહિત્યના કોઈ સંપ્રદાય કે વાડાથી દૂર રહીને તેણે વિવેચન કર્યું છે. તે માનતા હતા કે તેમના હાથમાં વિવેચનનું શસ્ત્ર છે તો વિઘાતક ન બનવું જોઈએ. સામા માણસનું દૃષ્ટિબિંદુ સમજી વિવેચન થવું જોઈએ. મેઘાણીએ અવલોકનો ઘણા સાદા ધોરણોથી કર્યા છે પણ એમની ચાલ (દૃષ્ટિ) સાચી હતી.

સમભાવ ભર્યા અને પૂર્વગ્રહ રહિત ઉદારતાભર્યા એમના વિવેચનની પ્રતિષ્ઠા એવી હતી કે, કેટલાક લોકો 'કલમ અને કિતાબ' વિભાગમાં આવેલ અવલોકન પરથી જ પુસ્તક ખરીદતા હતા!




ચિત્રાંકન : શ્રી પરવેઝ હાડા, ચિત્ર શિક્ષક, શ્રી રાજમણિ પ્રા.શાળા

## વિધાયક પત્રકાર અને જોમવંત ગદ્યકાર

મેઘાણી પત્રકાર હતા કે સાહિત્યકાર? અને જો એ પત્રકાર હોય તો સાહિત્યને અને જો એ સાહિત્યકાર હોય તો પત્રકારિત્ત્વને શા લાભ થયા? એવા પ્રશ્નો ઘણા સમયથી ચર્ચાતા આવ્યા છે.

'સૌરાષ્ટ્ર'ના તંત્રી અને સંચાલક અમૃતલાલ શેઠનું પ્રોત્સાહિક સાંનિધ્ય અને પ્રત્યેક અઠવાડિયે ત્રણ દિ' સોરઠના સાહિત્યને શોધવા- પિછાનવાની અનુકૂળતા મેઘાણીને મળી ન હોત તો મેઘાણી પોતાના સંકલ્પો સિદ્ધ કરી શક્યા ન હોત અને પ્રજાને મિસર,કોરિયા,આયર્લેન્ડ અને હંગેરીનો પાનો ચઢાવે તેવી દાસ્તાન પણ પત્રકાર ન હોત તો મળી શકી ન હોત.

સૌરાષ્ટ્રની રસધારના પાંચ ભાગોની સવાસો કથાઓની માંડણી સાંભળેલા કિસ્સા પર છે. પણ વાર્તાશિલ્પ મેઘાણીનું છે, વાક્છટા ચારણી છે. જે આપણને જકડી રાખે છે.

પ્રજાની નવજાગૃતિમાં એમના પત્રકારત્વે 'સિંધુડા'નું કામ કર્યું. તેમણે જગના ક્ષુધાર્ત અને દુર્બલ અશક્તને જગાડ્યા છે અને દુનિયાના રૃઢિબંધનો બંધ કરાવી દુનિયાની આંખો ખોલાવી છે.

મેઘાણીના પત્રકારી લખાણમાં જન્મભૂમિના 'કલમ- કિતાબ'નો પહેલો નંબર આવે છે, બીજો નંબર આવે છે તેમના 'વેરાનમાં' ના પ્રસંગચિત્રોનો અને ત્રીજો નંબર આવે છે 'નરવીર લાલાજી (૧૯૨૭)', 'સત્યવીર શ્રદ્ધાનંદ (૧૯૨૭)' વગેરે સાત-આઠ જીવનકથાનાં પુસ્તકોનો.



ચિત્ર સ્પર્ધા
શ્રી રાજમણિ પ્રા.શાળા



Drawing Competition :
Shri K. J. Mehta College of Pre- Primary Education



## કસુંબલ કાવ્યસર્જન



ચિત્રાંકન :
રાજન ચૌહાણ , ધો.૨, શ્રી જૈન શિશુશાળા

મેઘાણીની કવિતામાં બુલંદ વાણી છે અને એના ઘટમાં ઘોડા થનગને છે એટલે એમના કાવ્યાશ્રયને પહોળા પટની હંમેશાં જરૂર રહી છે. સ્વાતંત્ર્ય સૈનિકોની કૂચકદમનું અને એના ઉત્સાહી પગલાંના પડઘા પાડતું કવિએ ગુજરાતની પ્રજાને 'આગેકદમ'કૂચ ગીત પૂરું પાડ્યું છે.

કવિ પરકાયા પ્રવેશ કરી જાણે છે. તેનો નમૂનો 'છેલ્લો કટોરો' કાવ્ય છે. કારણ કે કવિએ ગાંધીજીના મનની વાત જાણી લીધી હતી તેથી ગાંધીજીને તે કાવ્ય ગમ્યું હતું ને મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર' કહી નવાઝી દીધા હતા. પણ કાવ્યતત્ત્વની દૃષ્ટિએ 'છેલ્લી સલામ' ઉત્તમ છે.હરિજનો માટે ગાંધીજીએ અનશન વ્રત આદરેલ ત્યારે ભજન ઢાળમાં રચાયેલ આ કાવ્ય છે.

કવિ, પ્રજાનું મુખ છે, તે સૂત્ર'છેલ્લી પ્રાર્થના'માં ચરિતાર્થ થયું છે. સમગ્ર પ્રજાનું દુ:ખદર્દ ઘૂંટાઈને કવિમુખે અભિવ્યક્ત થયું હતું ત્યારે મૅજિસ્ટ્રેટ ઈસાણી પણ રડી પડ્યા હતા.

કવિ કશું સામાન્ય લખતા નથી, બોલતા નથી, પણ તે ગાય છે 'શિવાજીનું હાલરડું', વાત્સલ્ય રસના સિંચન અને વીરરસની ગુંચણીવાળું હાલરડું. અમૃત દાણીના પ્રોત્સાહનથી આ હાલરડું એક જ બેઠકે બન્યું હતું. સ્ત્રીહૃદય અને શિશુ ચિત્તમાં રમતાં ભાવોને મેઘાણીએ 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ'માં શબ્દદેહ આપ્યો છે. 'કિલ્લોલ' નાં બધાં ગીત સમજાય એવાં નથી પણ 'ચૂંદડી'માં મેઘાણીની રમતિયાળ તરંગલીલા મનોહર લાગે છે.

'તલવારનો વારસદાર' બાળકને સમજાય તેવું અને તેના માનસપટ પર શૌર્યના સંસ્કારની સચોટ છાપ પડે તેવું બની શક્યું છે. 'ગીરના કુત્તા ઊભો રહેજે' કહીને તાડૂકતી અને સિંહને ભગાડતી 'ઝાડ ચડંતી અને પહાડ ઘુમંતી ચારણ કન્યા'માં ચૌદ વર્ષની એ ચારણ કન્યાના અનેક ચિત્રોથી કવિએ એક નવું કાવ્યરૂપ નિપજાવ્યું છે.

વેરઝેર અને યુદ્ધોના પરિણામે માનવજાતને ઘણું સહન કરવું પડ્યું હોવાથી યુદ્ધને નિર્મૂળ કરવાની વાત ઘણ અને એરણને ભાઈ-બહેન કલ્પીને તેના સંવાદ દ્વારા કવિએ 'ઘણ રે બોલે ને' કાવ્યમાં ઘણું કૌશલ દર્શાવ્યું છે.

'દીઠી સાંતાલની નારી' એ ટાગોરના કાવ્યનું સફળ અનુસર્જન છે તો શહેરની કૃત્રિમ આબોહવામાં, ગામડાનું કુદરતી કુસુમ કરમાઈ જાય છે એ વાત 'નવી વહુ' કાવ્યમાં વેધકતાથી રજૂ થઈ છે.

'નવી વર્ષા' કાવ્ય ભલે ટાગોરનું રહ્યું પણ તળપદા સૂર, ચારણી બની અને જે લયમાં નવી વર્ષાના આગમનને વધાવ્યું છે, એ તો કવિ મેઘાણી જ કરી શકે.

રાષ્ટ્રીય શાયર તરીકે મેઘાણી, યૌવનને બિરદાવતા રહ્યા છે. સરદાર ભગતસિંહ અને તેના સાથીઓની શહિદીને એમણે સુંદર અંજલિ આપી છે. 'વીરા, એ તો ફાંસી નહિ ફૂલમાળ!'
તે યુવાનોને મોતના કંકુ ઘોળવા હાકલ કરતા રહે છે.




ચિત્રાંકન :
આદેશ કોડીયા, ધો.૧૦, શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર

## સોરઠી વાર્તાકાર

મેઘાણીએ પ્રાચીન પ્રસંગોની અને અર્વાચીન જીવનની વાર્તાઓ લખી છે. પણ મેઘાણીએ ઝાઝું દૈવત તો મધ્યકાલીન પ્રજાજીવનને આલેખતી વાર્તામાં બતાવ્યું છે. તેમણે ભાટ-ચારણોના ઉંબરા ઘસી, ડોશીઓને ફોસલાવી, સમજાવી લોકકથા અને લોકગીતો ભેગા કર્યા હતા, એટલું જ નહિ પોતે લોકસાહિત્યનું સર્જન કરી, સોરઠી શૈલીનો જાદુ બતાવ્યો હતો.

એકલા મેઘાણીએ જ લોકસાહિત્યના પોતાના જ બત્રીસ પુસ્તકો દ્વારા અભણ અને અણઘડ કહેવાતી અને ગણાતી પ્રજાની હૃદય-સમૃદ્ધિથી લોકોને વાકેફ કર્યા હતા. વીરપુરુષો, બહારવટિયા અને સોરઠી સંતોના સચિત્ર આલેખન કરીને સૌરાષ્ટ્રની ધરતીમાં રહેલી ખાનદાની અને અમીરાતનાં તેમણે દર્શન કરાવ્યાં છે.

'કરિયાવર' વાર્તા પણ વાંચવા જેવી છે. મેઘાણીએ માનવસ્વભાવના તેજોમય અને ઉદાત્ત પાસાનું દર્શન કરાવવા ટૂંકી વાર્તાના પગલે ચાલતી સત્યકથા આલેખી છે. ખુમારી અને ખાનદાની, વટ અને ટેક એમની સત્યકથામાં ડગલે અને પગલે દેખાય છે.

## નવલ (કથા) નિરૂપણ

મેઘાણીએ સામાજિક, ઐતિહાસિક અને રૂપાંતરિત નવલકથાઓ આપી છે, તેમાં તેર પૂર્ણ થઈ શકી છે અને ચૌદમી કાળચક્ર અપૂર્ણ રહેવા પામી છે.

બધા લેખકોના સાહિત્યસર્જનની શરૂઆત ભાષાંતરથી થઈ હોય છે પણ મેઘાણીએ દ્વિજેન્દ્રરાયમાંથી રાણા પ્રતાપ કે શાહજહાં, વિક્ટર હ્યુગોમાંથી, 'વસુંધરાના વહાલાં દવલાં' અને અપ્ટન સિંકલરમાંથી 'બીડેલાં દ્વાર' વગેરેના નર્યા ભાષાંતર નથી કર્યા પણ મૂળ નવલકથાકારના આંશિક ઋણી બની, પોતાની કલ્પનાને મનફાવતી રીતે વિહરવા દીધી છે. 'અપરાધી' નવલકથા પણ હોલકેઈનની નવલકથા પરથી એજ રીતે બની છે. એમની નવલકથામાં માનવીની મહત્ત્વાકાંક્ષા, માન્યતા, ખાનદાની,ખુમારી, વાણી, વેશ,વૃત્તિ વગેરેની વિલક્ષણતા ચિત્રિત થઈ છે. મેઘાણી શૌર્યને બિરદાવે છે પણ પ્રજાની પોકળતા કે મર્યાદાને ઢાંકતા નથી. ધૂમકેતુની માફક મેઘાણી પણ ભૂતકાળની માનવતા અને ભાવનાનું આલેખન કરવામાં વધુ ઉત્સાહી જણાય છે.




ચિત્રાંકન : રિયા બ્રહ્મક્ષાત્ર, ધો.૧૦
Smt.M. M. Mehta English MediumSchool

સાંતી હાંકતા કણબી, થોભાળા રાજપૂતો, દેવીપૂજક ચારણો, કસુંબા ઘોળતા કાઠીઓ, હુક્કા ગગડાવતા દરબારો, રણમાં માથાં ઉતારતાં મરદો અને સોરઠી વીરાંગના જેવાં કેટલાંય પાત્રોને મેઘાણીએ એમની વાર્તા-નવલકથામાં રમતાં મૂક્યાં છે. મેઘાણીને સોરઠી વાતાવરણ સાથે લોહીની સગાઈ છે તેથી પ્રાદેશિક આલેખનમાં પન્નાલાલ પહેલા મેઘાણીનો નંબર આવે છે.



## લોકસાહિત્યના અત્તરિયા કે લોકસાહિત્યના ધૂળધોયા

ગુજરાત કે ભારતમાં નહિ પણ સારાયે વિશ્વમાં લોકસાહિત્યના ક્ષેત્રે કોઈ એક જ વ્યક્તિએ આટલા વિપુલ પ્રમાણમાં અને વિવિધ પ્રકારનું પ્રદાન કર્યું હોય તો એકલા મેઘાણી છે.

મેઘાણીએ કરેલ લોકસાહિત્યનું સંપાદન એમના નામ સાથે સદાકાળ સંકળાયેલું રહેવાનું છે. કંઠ અને કલમ વડે રસદર્શન કરાવી મેઘાણીએ આ લોકસાહિત્યનો સાક્ષરી સાહિત્યજગતમાં આદરભર્યો પ્રવેશ કરાવ્યો છે.

દુહા-સોરઠાવાળી કવિતાના મેઘાણી રસિયા હતા. હડાળાના દ. શ્રી વાજસુરવાળા પાસેથી ૧૯૨૧માં લોકસાહિત્યની પ્રેરણા લીધા પછી મેઘાણીએ થનગનતી યુવાની લોકસાહિત્યના ચરણે ધરી દીધી. તેથી જ અંગ્રેજ કવિ બ્રાઉનિંગની કવિતામાં પાવાવાળા પછવાડે ઉંદર દોડે છે તેમ મેઘાણી પાછળ માનવલોક ઊછળતું- ઊમટતું ને દોડતું હતું.

એમની સૌરાષ્ટ્રની રસધારની વાતો વેવલા લખાણ નથી પણ ચારણોની વાર્તાના ફોટા છે. ચારણી વિદ્યાના આ રસિક વ્યક્તિથી કઈંક ચારણો ભાગતા-ફરતા હતા. ચારણો સિવાય કોઈ છંદો રચી ન શકે, ગાઈ ન શકે, અને અર્થ બેસાડી ન શકે એવું કામ આ વણિકપુત્રે કર્યું છે એથી તે દેવીપુત્ર બની ગયા છે!

મેઘાણીએ ૫૦૦ પ્રતિષ્ઠિત ચારણોની વચ્ચે ૧૯૪૪ના અખિલ હિંદ ચારણ સંમેલનમાં મારવાડી ગીતથી શરૂઆત કરી ત્યાં તો ચારણો મોરલા સમા હોકારા દેવા માંડ્યા ને પોણા બે કલાક સુધી કોઈ ચારણે હોકાની ઘૂંટ પણ તાણી નહિ અને તેઓના હોકા ઓલવાઈ ગયા એટલે લીંબડીના કવિરાજ શ્રી શંકરદાનજી ઊભા થઈને ભેટી પડ્યા ને કહ્યું કે, મેઘાણી, આ કળજુગ આવ્યો છે. નહિતર વાણિયો ગાય ને પાંચસો ચારણ ચૂપચાપ સાંભળતા રહે. એવું બને ખરું?

પણ મેઘાણીએ નમ્રતાપૂર્વક જણાવ્યું કે, મુરબ્બી હું તો આપનું સંતાન છું. હું તો ચારણોનો ટપાલી છું!



પ્રદર્શન નિહાળતા ટ્રસ્ટના પદાધિકારીશ્રીઓ



ચિત્રાંકન :
શ્રી એસ.એસ. ઠક્કર, મ.શિ, શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર